R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા .

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-26 • ISSUE: 51/52 DATE: 30-12-2017• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## વિજય ભલે ભાજપનો થયો પરંતુ ચર્ચા તો રાહુલ ગાંધીએ મારેલી છલાંગની છે.કોગ્રેસનો પરાજય નથી થયો

ગુજરાતની ચુંટણીમાં ભાજપનો વિજય થયો છે. વિજય તો થવાનો જ હતો અનને એ માટે ઢોલ વગાડવાની તૈયારી પણ પહેલેથી જ શરુ થઈ ગઈ હતી.પરંતુ જયઘોષ કરીને બેભાન થઈ જવાય ત્યાં સુધી નાચવું પડે એટલો દૈદિપ્યમાન વિજય ભાજપને મળ્યો છે ખરો ?વિજય ભલે ભાજપનો થયો પણ ચર્ચા રાહુલ ગાંધીએ મારેલી છલાંગની છે. પાટીદાર નેતા હાર્દિક પટે અને એમના સાથીઓ ચુંટણીમાં મક્કમપણે કોગ્રેસની પડખે ઊભા રહ્યા. રાહુલ આ યુવા નેતાઓને સાથે લઈને ગુજરાતનો જંગ લડ્યા અને જીતથી થોડે દુર જ રહ્યા. પરંતુ આર્થિક દષ્ટિએ સધ્ધર અને સત્તામાં હોવાને કારણે શક્તિમાન બનેલા ભાજપને આ છોકરાએ ૯૯ સીટ પર રોકી દીધા એ એક પ્રકારનો વિજય છે.એને લીધે વિજયનો ઢોલ વગાડનારાઓને સત્ય અને વાસ્તવિક પરિસ્થિતિનું ભાન થાય થાય તો સારુ, દેશના વડાપ્રધાને ચુંટણીમાં નાછુટકે ગુજરાતની અસ્મિતાનું કાર્ડ રમવું પડ્યું.આપણાં માણસ તરીકે ગુજરાતની જનતા ૯૯ મતદાર સંઘમાં મોદીની પડખે ઊભી રહી.જ્યારે રાહુલ અને હાર્દિકની જોડીનો ૮૦ બેઠકો પર વિજય થયો. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં ભલે ભાજપ જીત્યો પરંતુ કોગ્રેસનો પણ પરાજય નથી.કોગ્રેસ મુક્ત ભારતનું સ્વપ્ન પણ પુરુ નથી થયું.ગુજરાત મોડેલ



ડગમગી ગયું છે.૨૦૧૯ની સાલમાં એ તુટી ન પડે તો સારુ એવી ટિપણણી શિવસોનાના મુખપત્ર સામનામાં કરવામાં આવી હતી.

## ઉત્તરપ્રદેશમાં હિંદુ જાગરણ મંચનું શાળાઓમાં નાતાલ ઉજવણી માટે હિંદુ બાળકો પાસે ફી નહીં લેવાનું ફરમાન

આર એસ એસ સાથે જોડાયેલા હિંદુ સંગઠન હિંદુ જાગરણ મંચને લઈને ઉત્તર પ્રદેશની ખાનગી શાળાઓ માટે એક ફરમાન બહાર પાડ્યું છે. મંચે નાતાલના નામ પર બાળકો પાસેથી ફી વસુલ કરવા સામે ચેતવણી આપી છે. મંચે કહ્યુ છે કે જે આ ફરમાનનો વિરોધ કરશે તે શાળાઓ વિરુધ્ધ પ્રદર્શન કરાશે.રાજ્ય સરકારે આ અંગે પોતાને કોઈ માહિતી નથી તેમ જણાવ્યુ હતું.

આ પહેલાં અલીગઢની ખાનગી શાળાઓને ચેતવણી આપતાં હિંદુ બહુલ શાળાઓમાં નાતાલની ઉજવણી નહી કરવા કહ્યુ હતું.હિંદુ જાગરણ મંચના યુ.પીના પ્રદેશ પ્રમુખ વિજય બહાદુરસિંહે કહ્યુ કે અમને નાતાલની ઉજવણી સામે કોઈ વાંધો નથી.પરંતુ અમારો આગ્રહ છે કે શાળા કોઈ પણ હિંદુ વિદ્યાર્થી પાસે તેમાં યોગદાન લેવા માટે મજબુર નહીં કરે. એ અંગે શાળાના આચાર્ય અને મેનેજમેન્ટને મૌખિક અને લિખિત આગ્રહ કરાયો છે.

દરમિયાન,જાગરણ મંચની જિલ્લા એકમ એવી ખાનગી શાળાઓની યાદી બનાવી રહ્યું છે. અલીગઢના સંગઠનના પ્રમુખ સોનુ સવિતાએ કહ્યુ છે કે મોટા ભાગની મિશનરી શાળાઓમાં હિંદુ બાળકો જ વધુ છે.આ શાળાઓમાં ખ્રિસ્તી વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી જ ઓછી છે. કેટલીક શાળાઓમાં તો ખ્રિસ્તી વિદ્યોર્થીઓ જ નથી.એ સંજોગોમાં હિંદુ વિદ્યાર્થીઓ આ શાળાઓ માટે આવકનો મોટો સ્ત્રોત્ત છે.અમે લોકો શાળાઓને એ જણાવવાનું શરુ કરીશું કે નાતાલ મનાવીને તમે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરી રહ્યા છો.મંચના કાર્યકર્તાઓએ એવી ચેતવણી પત્ર સાથે વિસ્તારની શાળાઓની મુલાકાત લેવી શરુ કરી છે.

જાગરણ મંચનું આ ફરમાન બહાર પાડવા છતાં રાજ્ય સરકાર એ અંગે અજાણ છે..યુ.પી.ના મુખ્ય સચિવ(ગૃહ) અરવિંદકુમારે જણાવ્યુ હતું કે એ અંગે તેમને કોઈ જાણકારી નથી. તો મંચના અવધ પ્રાંતના મહાસચિવ મનીષ શ્રીવાસ્તવે સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતુંકે જો કોઈ શાળાના બાળકોને નાતાલની ઉજવણી માટે મજબુર કરશે તો તે શાળાની બહાર વિરોધ પ્રદર્શન કરાશે.કઈ રીતે વિરોધ કરવો એ હવે પછી નક્કી કરાશે.

જો આટલી બધી એલર્જી હોય તો મંચે હિદુ પરિવારોને તેમના બાળકોને મિશનરી સ્કુલોમાં ભણવા માટે મોકલવા જોઈએ નહીં.શિક્ષણ આપવું કે લેવું તેમાં કોઈ ધાર્મિક માન્યતાઓનો સમન્વય કરીને શિક્ષણને અભડાવવું જોઈએ નહીં.ધાર્મિક કટ્ટરતાવાદને કારણે દેશની સંસ્કૃતિ અને સભ્યતાનો વિનાશ થઈ રહ્યો છે તેની યુ.પી.સરકારે નોંધ લેવી જોઈએ.

## કેટલાંક લોકોએ કેટલીક ખરાબ વાતો કરી પરિણામે જીતનો કોળીયો કોગ્રેસનો છીનવાઇ ગયો : ફારુક અબ્દુલ્લા

ગુજરાત અને હિમાચલ પ્રદેશની વિધાનસભાની ચુંટણીઓના પરિણામો પર પ્રતિક્રિયા આપતાં જમ્મુ-કાશ્મીરના ભુતપુર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લાએ કહ્યુ હતું કે હિમાચલ પ્રદેશમાં દર પાંચ વર્ષે એક પક્ષ બીજા પક્ષને સત્તા પરથી ઉતારીને શાસન કરે છે. આ હિમાચલ પ્રદેશના રાજકારણની પેટન્ટ છે. પરંતુ ગુજરાતમાં કોગ્રેસે સારો દેખાવ કર્યો છે.તેમણે શાબ્દિક પ્રહારો કરતાં કહ્યુ હતું કે જો કેટલાંક લોકોએ કેટલીક ખરાબ વાત ન કરી હોત, તો કોગ્રેસે ગુજરાતમાં જીત મેળવી હોત. કોગ્રેસ નેતા મણિશંકર ઐયરની ટિપ્પણી પર તેને નામ લીધા વગર વાત કરી હતી.

ગુજરાતમાં કોગ્રેસે ૮૦ બેઠક પર જીત મેળવી છે જ્યારે બીજેપીએ ૯૯ સીટ પર વિજય મેળવ્યો છે.ભાજપની સીટમાં ઘટાડો થયો છે. અબ્દુલ્લાએ એ સવાલ કરતાં કહ્યુ હતું કે પાકિસ્તાનમાં મોદી મુલાકાત અર્થે ગયા ત્યારે પાકિસ્તાને કોઈ યુક્તિ કરી હતી ?વડાપ્રધાન મોદીએ વિધાનસભા ચુંટણી પ્રચારમાં અનેક વખત પાકિસ્તાનનું નામ લીધું હતું. ફારુક અબ્દુલ્લાએ કહ્યુ કે મોદી પાકિસ્તાન ગયા હતા અને ત્યાં જમવાનું લીધું હતું એનો અર્થ શું ?

રાજકારણના ભેદભરમ જ આને કહેવાય છે. ભાજપની એક નીતિ રહી છે કે આફતને અવસરમાં પલટી નાંખવો. કેટલાક લોકોની ભુલને મોટી કરીને પોતાના માટે લાભ લઈ લેવો.

## ચાઇનીઝ તુક્કલ ઉડાવવા અને દોરી વેચાણ કરવા પર પ્રતિબંધ

છેલ્લા કેટલાક સમયથી ચાઈનીઝ તુક્કલ ઊડાવવાના કારણે શહેરમાં આગ લાગવાના બનાવો અને તેમાં જાનહાની થવાના બનાવો વધવા લાગ્યા છે.જેને કારણે ૧૭ ડિસેમ્બરથી ૧૬ જાન્યુઆરી સુધી ચાઈનીઝ તુક્કલ અને ચાઈનીઝ દોરી વેચાણ,આયાત,ઉત્પાદન અને ઉડાડવા પર શહેર પોલીસ કમિશ્નરે પ્રતિબંધ ફરમાવ્યો છે.આ અંગે જો જાહેરનામાનુ ઉલ્લંઘન થશે તો આઈપીસી ૧૮૮ અને પોલીસ એકટની ૧૩૧,૧૧૭ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ઉત્તરાયણમાં ચાઈનીઝ તુક્કલ અને ચાઈનીઝ દોરીના કારણે પશુ,પક્ષીઓને તો નુકશાન થાય છે જેમાં તુક્કલના કારણે આગ લાગવાથી માલ સામાન અને જાનહાનિ ના બનાવ પણ ભુતકાળમાં બનેલા છે.આ અંગે શહેર પોલીસ કમિશ્નરે જાહેરનામુ બહાર પાડી જણાવ્યુ હતું કે ચાઈનીઝ તુકકલ ઉડાડવાથી મોટી દુર્ઘટનાઓ અથવા જાનહાનીના બનાવ બની શકે છે.જે સલામતી અને સુરક્ષા માટે જોખમરુપ છે.તુક્કલના કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે.તેથી ચાઈનીઝ તુક્કલના આયાત,ઉત્પાદન ,વેચાણ,વ્યાપાર,સંગ્રહ અને ઉડાડવા પર પ્રતિબંધ છે.બીજી તરફ કોઈ વ્યક્તિ પશુ,પક્ષી,કોઈ મિલ્કતને ભય,ઈજા ,ધાસ્તી થાય તે રીતે પતંગ પણ ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.




નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

## નવક્રાંતિ

ગુજરાતની વિધાનસભાની ચુંટણીઓના પરિણામોમાં ભાજપને બહુમતી મળી પરંતુ જે ગણતરી કરવામાં આવી હતી કે ૧૫૦+ તે ખોટી પડી.તેમજ કોગ્રેસના માત્ર એક સ્ટાર પ્રચારક રાહુલ ગાંધીને અંડર એસ્ટીમેટ કર્યા હતા તેમણે કોગ્રેસને ગુજરાતમાં બેઠી કરી દીધી.ભલે કોગ્રેસ સત્તા મેળવવામાં થોડીક કમજોર પડી પરંતુ તેમણે સમગ્ર ચુંટણીમાં રંગત લાવી દીધી.માત્ર મોદી કરિશ્મા ચાલે છે તે ગણિત પર પાણી ફેરવી દીધું.બીજી બાજુ કોગ્રેસ પક્ષના પ્રમુખ તરીકે રાહુલ ગાંધીની તાજપોશી કરવામાં આવી અને તે દેશની સૌથી ૧૩૨ વર્ષ જુની પાર્ટીના વડા બની ગયા.ગુજરાતની ચુંટણીએ રાહુલ ગાંધી દેશના નેતા તરીકે પ્રમાણિત કરી દીધા. વિપક્ષોએ પણ તેમની કામગીરી વખાણી. શિવસેનાએ ભલે કોગ્રેસ હાર પામી પરંતુ રાહુલની મહેનત પર વખાણની તાલી તો જરુરથી પાડી.પપ્પુના નામે તેમને નીચા પાડવાની ભાજપી મીડીયાની ચાલ અવળી પડી ગઇ.કોગ્રેસ પક્ષના ચુંટણી કેમ્પેનમાં રાહુલે જે દ્રઢતાથી પ્રચાર કર્યો તેમજ કોઇપણ જાતના ગપગોળા કે જુઠ્ઠાણાઓથી પ્રચારને અલગ રાખીને નીતીમત્તા જેવી મહેક તેમણે ઊભી તો જરુરથી કરી. ચુંટણીઓમાં તમારે તમારા હરીફો પ્રત્યે માન સન્માન રાખી તેમની ઉણપો ઉપર લોકોનું ધ્યાન કેન્દ્રીત કરવાની નીતિ ભલે હાલમાં બર ના આવી હોય પરંતુ દેશમાં આવનારી ચુંટણીઓમાં તે કામ આવી શકશે તેવું માની શકાય. માત્ર શઠ નીતિઓથી ચુંટણીઓ જીતી શકાય છે તેવી કામગીરીથી અળગા રહેવાની તેમની કાર્યશૈલી પ્રશંસાને પાત્ર છે. આપણે કોઇ પણ પક્ષની ભટાઇ કરવામાં માનતા નથી પરંતુ તંદુરસ્ત રાજકારણી નેતાઓ હોવા જોઇએ અને તેમની તંદુરસ્ત અને ચારિત્રવાન નીતિમત્તા હોય તેમાં જરુર પડે પીઠ થાબડી લેવામાં કોઇ નાનમ રાખવી જોઇએ નહીં.મોટાભાગના વિજાણુ મીડીયાએ ઘણીવાર એક તરફી રજુઆતો કરી અને તે માટે તેમની નીતિઓ જવાબદાર હોઇ શકે પરંતુ મીડીયાએ દ્વેષભાવ રાખ્યા વગર સંતુલિત કાર્ય કરવું એ ચોથી જાગીર માટે અગત્યનું છે.

## મંતવ્ય

ચુંટણીમાં અપાતા પોકળ વચનો,ગપગોળા કે જુઠ્ઠાણાઓ સામે ચુંટણીપંચે યોગ્ય કાર્યવાહી કરવી જોઇએ.જો કે ચુંટણી પંચને નહોર વગરનો વાઘ કહેવામાં આવી રહ્યો છે. તેથી તેની કોઇને બીક લાગતી નથી.આ ઉપરાંત સત્તા સ્થાને બેઠેલા નેતાઓ માટે ખાસ આચાર સંહિતા ચુંટણી પંચે નિર્મિત કરવી જોઇએ.પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ ઉપર વડાપ્રધાને કરેલા બેબુનિયાદ આક્ષેપો કાં તો વડાપ્રધાન પુરવાર કરે યા તો તેના માટે રાષ્ટ્રની માંફી માંગે.વડાપ્રધાન વગર બોલાવ્યે પાકિસ્તાન જઇને પાકિસ્તાનના વડાપ્રધાનના ઘેર પ્રસંગે જ્યાફત ઉડાવી આવ્યા તેવા સમાચારો આવ્યા બાદ કોઇપણ દેશના નાગરિકે આ બાબતે એવા આક્ષેપો નહોતા કર્યા જે બેબુનિયાદ હોય.પાકિસ્તાન સાથે થતી ચર્ચાઓ આપણે મુલતવી રાખીએ છીએ તેના કારણો પાકિસ્તાનની સરહદપારથી આવતો આતંકવાદ છે.૨૦૧૪ પછી પાકિસ્તાનની સરહદે શહીદ થયેલા ભારતીય સૈન્યના જવાનોનો આંકડો ઉંચો છે.હવે તો સૈન્યે શહીદીની વ્યાખ્યા બદલી આપી છે.નોકરી દરમિયાન થયેલ મોત,ફરજ બજાવતા થયેલ મોત,એટલે સરકારે હવે શહીદીની વ્યાખ્યા કરવી પડશે.નહિતર ફોજ પ્રત્યેની લાગણીનો નાશ થશે.ખેર,કોઇને પણ દેશદ્રોહની વ્યાખ્યામાં ભરાઇ દેવો અને પછી જેની પર આક્ષેપો લગાવાયા છે તેણે પોતાની જાતને સાબિત કરવાની કે તે દેશપ્રેમી છે તે બાબત સદંતર ખોટી છે.૨૦૧૪ પછી એક રીતસરની એક ગેઇમ ચલાવાઇ છે કે સત્તા વિરુધ્ધ કોઇને પણ રાજદ્રોહી કહીને ફસાવી દેવો.જેમણે રાષ્ટ્રમાટે ભુતકાળમાં પણ કશું જ કર્યુ નથી તે અન્યોને લેબલો લગાવે તે કંઇ પ્રકારની રીત રસમ છે.આવી રાજનીતિ શા કામની ? જેમા નીતિમત્તાનું કોઇ અસ્તિત્વ જ ના હોય. તેવા રાજનીતિજ્ઞોની આ દેશમાં કોઇ જરુરીયાત ના હોવી જોઇએ.માત્ર કોઇ ધાર્મિક લાગણીઓ કે કટ્ટરવાદને પોષતા લોકો દેશના લોકશાહી ચારિત્ર માટે નિરાશાજનક ચિત્ર ઊભુ કરે છે.આ દેશ માટે પડકાર છે અને તેનો સામનો થવો જોઇએ. રમેશ કે વાઘેલા


### ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# નોટબંધી-જીએસટીના કારણે એમબીએ,એન્જીનીયરીંગની ડીગ્રીઓ રદ્દી બની ગઇ : એસોચેમ

ઇન્ડસ્ટ્રી એન્ડ કોમર્સ એસો.એસોચેમ તેના એક રિપોર્ટમાં કહ્યુ છે કે બી-શ્રેણીની બિઝનેસ સ્કુલોને પોતાના વિદ્યાર્થીઓને રોજગારી અપાવવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.સંગઠનના રિપોર્ટ અનુસાર માત્ર ૨૦ ટકા વિદ્યાર્થીઓને રોજગારી મળી રહી છે.આઝાદ ભારતમાં જે ઇન્ફાસ્ટ્રકચર તૈયાર કરવા માટે અનેક દાયકાઓ સુધી એન્જીનીયરીંગની ડીગ્રીએ મહત્વની ભુમિકા નિભાવી તો ૧૯૯૧થી અત્યાર સુધીમાં ઉદારવાદની દિશામાં વેગ આપવાનુ કામ મેનેજમેન્ટ ડીગ્રી એ કર્યુ છે.પરંતુ તાજેતરમાં આંકડાઓ જોતાં એસોચેમે કહ્યુ છે કે નવેમ્બર ૨૦૧૬માં નોટબંધી-જીએસટી પછી નબળી બિઝનેસ ધારણાઓ અને નવી પરિયોજનામાં ઘટાડાના કારણે આ બિઝનેસ સ્કુલોના વિદ્યાર્થીઓ માટે રોજગારીની તકો ઓછી થઇ રહી છે.એસોચેમના અનુસાર બિઝનેસ સ્કુલો અને એન્જીનીયરીંગ કોલેજોના વિદ્યાર્થીઓને મળનારા સેલેરી પેકેજની ઓફરમાં પણ ગત વર્ષની તુલનામાં ૪૦-૪૫ ટકાનો ઘટાડો આવ્યો છે.જો કે આ આંકડા દેશની પ્રિમિયર ઇન્સ્ટીટ્યુટ આઇઆઇએમના આંકડા સામેલ નથી.

# EVM સુરક્ષિત છે, હારનારાઓ ખોટા આક્ષેપ કરે છે : પુર્વ મુખ્ય ચુંટણી કમિશ્નર

ઇલેકટ્રોનિક વોટિંગ મશીન-ઇવીએમ કેટલા વિશ્વાસપાત્ર છે તે વિષય પર થતી અનેક ચર્ચાઓ વચ્ચે પુર્વ મુખ્ય ચુંટણી કમિશ્નર ટી.એસ.ક્રિશ્નામુર્તિએ કહ્યુ હતું કે આ તમામ ઇવીએમ પર પુરો વિશ્વાસ કરી શકાય તેમ છે.અને દરેક ઇવીએમ સુરક્ષિત છે.મશીનની ક્યારેય ભુલ થતી નથી.પરંતુ વ્યક્તિની ભુલ થાય છે.ઇતિહાસ સાક્ષી છે કે, ઇવીએમ અમલમાં આવ્યા બાદ હજુ સુધી જે લોકોએ તેની સામે ફરિયાદ કરી છે તે તમામ લોકો હારેલા પક્ષમાંથી છે.

તેમણે ઉમેર્યુ હતું કે ફરિયાદ કરનારાઓનો ઇતિહાસ જોઇલો, તેઓ હંમેશા હારેલા પક્ષમાંથી હોય છે. જયલલિતા અને અમરિંદસિંહ આ પહેલા પણ સુપ્રીમ કોર્ટના દ્વારે ગયા હતા. તેઓ એ પછીની ચુંટણીમાં વિજેતા થતા ચુપ થિ ગયા હતા. આ વખતે હવે અમરિંદસિહ સત્તામાં છે.જેઓ ઇવીએમ થકી જ ચુંટાયા છે. ઇવીએમના ભરોસાને લઇને કૃષ્ણમુર્તિએ કહ્યુ કે જ્યાં સુધી કોઇ સાબિત ન કરી શકે કે તેમાં છેડછાડ કરવામાં આવી છે ત્યાં સુધી મારો વિશ્વાસ અટલ છે.

# પાકિસ્તાન સાથે ચુંટણી મુદ્દે હાથ મિલાવ્યાનું વડાપ્રધાને જુઠ્ઠાણુ ફેલાવ્યુ તે બદલ તેઓ રાષ્ટ્રની માંફી માગે : કોગ્રેસની માંગણી

વડાપ્રધાન મોદીએ કોગ્રેસના નેતાઓ દ્વારા ગુજરાતની ચુંટણી મુદ્દે પાકિસ્તાન સાથે હાથ મિલાવ્યા હોવાના કરેલા આક્ષેપોની ભુતપુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે ઉગ્ર ટીકા કરી હતી.મનમોહનસિહે આક્ષેપ કર્યો હતો કે મોદીએ રાજકીય ફાયદો લેવા માટે જુઠ્ઠાણુ ચલાવ્યુ અને ગપગોળા ફેલાવ્યા.આ માટે મોદીએ માંફી માંગવી જોઇએ તેવી તેમણે માંગણી કરી છે.મનમોહનસિંહે મોદી પર પ્રહાર કરતો વિડીયો ફરતો કર્યો હતો. અને કહ્યુ હતું કે જાહેર સેવકોના રાષ્ટ્રવાદ સામે પ્રશ્ન કરવો એ અયોગ્ય છે.આ વીડીયોમાં મનમોહને કહ્યુ હતું કે બીજા કોઇ નહીં,પણ સ્વયં વડાપ્રધાને રાજકીય ફાયદો લેવા માટે જુઠ્ઠાણું અને ગપગોળા ચલાવ્યા તેનાથી હું ખુબજ વ્યથિત અને ક્રોધિત છું.

ગુજરાતમાં હાર ભાળા ગયેલા વડાપ્રધાને બેફામ આક્ષેપો કર્યા છે.મનમોહને કહ્યુ કે તેઓ આશા વ્યક્ત કરે છે કે વડાપ્રધાન મોદી આ પદની ગરિમા જળવાય તેવી પરિપકવતા અને આદર દાખવશે અને ભુલભરેલા આક્ષેપોથી ફાયદો મેળવવામાં તેમની શક્તિ નહીં વેડફે.મનમોહનસિંહે કહ્યુ કે મને ખરેખર આશા છે કે મોદી તેમના આવા વિચારો રજુ કરવા બદલ અને ટોચના પદની ગરિમા જાળવવા દેશની માંફી માંગશે.કોગ્રેસે રાજ્યસભા ખોરવી નાંખવાનો પણ ખેલ પાડ્યો છે. હવે ભાજપા નેતાઓ આ મુદ્દે ચર્ચા કરીને પ્રશ્ન સુલટાવવા માંગે છે.જેથી રાજ્યસભા ખોરવી નાંખવાનો કોગ્રેસે કરેલી જાહેરાતને



ટાળવા માટે યોગ્ય સમય મળી રહે


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૯૯
૯૮૨૪૩૬૨૪૬૨



### જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



### ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

## ગુજરાતમાં ચુંટણી જીતવા પાકિસ્તાનને ઢસેડવું અયોગ્ય નીતિ : શિવસેના



વિશ્વાસ સાથે એક પ્રકારની છેતરપીડી છે.જો કે આ બાબતે વડાપ્રધાને માંફી માગવી જોઇએ તેવો સુર વહેતો થયો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસના નેતાઓ સામે વાહિયાત આક્ષેપો કરવાની સાથે પાકિસ્તાનને ચુંટણી ઢસેડવાનો પ્રયત્ન કર્યો છે તે નિંદનીય છે તેવું શિવસેનાએ જણાવ્યુ હતું.

શિવસેનાએ જણાવ્યુ હતં કે એ પ્રકારનો ચુંટણી જીતવાનો પ્રયાસ એ કે દુષ્ટ ઉપાય છે.વડાપ્રધાન પગલાં લેવા માટે હોય છે. આક્ષેપો કરવા માટે નથી તેવો અભિપ્રાય આપતાં શિવસેનાએ મોદીની ટીકા કરી હતી અને કહ્યુ હતું કે ગુજરાત હવે કાશ્મીરથી વધુ મહત્વનું બની ગયું છે.ગુજરાતમાં એક ચુંટણી રેલીને સંબોધતા મોદીએ કહ્યુ હતું કે પાક. ગુજરાતની ચુંટણીમાં પ્રભાવ પાડવા પ્રયાસ કરી રહ્યું છે.તેમણે દાવો કર્યો હતો કે પાકિસ્તાનના કેટલાક અધિકારીઓ અને પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ વચ્ચે મુલાકાત થઇ હતી. મુખ્યપત્ર સામનામાં શિવસેનાએ લખ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની ચુંટણીમાં દરમિયાનગીરી કરી રહ્યા છે.

જો કે કોઇ પણ આધાર પુરાવા વગર આવી સ્ટોરીઓ કરીને લોકોને ગેરમાર્ગે દોરવા એ ભાજપની વર્ષો જુની થીયરી છે.અને એક નેતા જ્યારે આવી રજુઆત કરે ત્યારે તેમના કાર્યકરોનો સમુહ તેમાં જોરશોરથી વધુ મસાલા ઉમેરીને સ્ટોરીને આગળ વધારવાનો પ્રયત્ન કરે છે.જુઠ્ઠાણાઓ પ્રચારમાં ભેળવીને ગોબલ્સ પ્રચારની રીત અજમાવીને માત્ર તેમના ભક્તોને ખુશ કરવા માટેની થીયરી યોગ્ય હશે પરંતુ તે દેશના હિતમાં નથી અને પદને યોગ્ય તો નથી જ.પદની ગરિમાને નુકશાન થાય તે રીતે વર્તવું જોઇએ નહીં તેવુ અનેક લોકો કહી ગયા છે. જો કે વડાપ્રધાને જાહેર કરેલી આ વાર્તા પાછળ જે સત્ય છે તેને જાહેર કરવામાં આવ્યું છે અને તેના કારણે આ સ્ટોરી બિલકુલ ચુંટણીલક્ષી છે અને લોકોના

## ચીફ જસ્ટીસે વરિષ્ઠ વકીલોની ઉંચા અવાજમાં દલિલો કરવાની રીત સામે ટિપ્પણી કરતાં પ્રેક્ટીસ છોડવાનો નિર્ણય કરતાં વરિષ્ઠ વકીલ

અદાલતમાં વકીલો દ્વારા ઉંચા અવાજમાં દલીલો કરવાની રીતભાત અંગે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીશ ટીપ્પણી કરતાં નારાજ દેશના વિરષ્ઠ વકીલો પૈકીના રાજીવ ધવને અદાલતમાં વકીલાતનું ક્ષેત્ર છોડી દેવાનો નિર્ણય કર્યો છે.સુપ્રીમ કોર્ટના સિનિયર વકીલે ચીફ જસ્ટીસ દિપક મિશ્રાને પત્ર લખીને કહ્યુ હતું કે દિલ્હી કેસ(સીએમ વિરુધ્ધ એલજી અધિકાર)દરમિયાન અપમાનના કારણે મે પ્રેકટિસ છોડી દેવાનો નિર્ણય લીધો છે.

આ મામલે રાજીવ ધવન દિલ્હી સરકારના પક્ષમાં રહ્યા છે. આ કેસની અંતિમ સુનાવણીના દિવસે ચીફ જસ્ટીસ દિપક મિશ્રાની હાજરીમાં અદાલતમાં જારદાર ચર્ચા થઇ હતી. ભારતના ચીફ જસ્ટીસે દિલ્હી સરકાર પર ચાલી રહેલા વિવાદ અને અયોદ્યા વિવાદ કેસની સુનાવણીમાં વકીલોની પધ્ધતિ પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે વકીલોને સંયમ રાખવા કહ્યુ હતું. તેમણે કહ્યુ હતું કે જો બાર ખુદને રેગ્યુલેટ ન કરે તો અમે તેને રેગ્યુલેટ કરીશું. ઉંચા અવાજમાં દલીલો કરવાની પધ્ધતિને પણ કોઇપણ રીતે કે કિમતે સહન કરવામાં નહીં આવે.

## કોગ્રેસના અધ્યક્ષ પદે રાહુલ ગાંધી ચુંટાયા



ભારતીય રાજકારણની સૌથી જુની પાર્ટીના અધ્યક્ષસ્થાને રાહુલ ગાંધી ચુંટાઇ આવ્યા હતા.રાહુલ ગાંધી દ્વારા ભરવામાં આવેલા તમામ ૮૯ નામાંકનપત્રો યોગ્ય જણાંતા તેમને નિર્વિરોધ અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.કોગ્રેસના કેન્દ્રીય ચુંટણી અધિકારી એમ.રામચંદ્રને જણાવ્યુ હતું કે રાહુલ ગાંધીને નિર્વરોધ રીતે કોગ્રેસના અધ્યક્ષ જાહેર કરવામાં આવ્યા છે.અધ્યક્ષ તરીકેનો ચાર્જ તેઓ તાત્કાલિક સંભાળી રહેશે.સોનિયા ગાંધીએ ૧૯૯૮માં કોગ્રેસનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું.૧૯ વર્ષ બાદ તેઓ પોતાનું પદ રાહુલ ગાંધીને સોપશે.કોગ્રેસમાં યુવા યુગની શરુઆત થઇ છે.

રાહુલ ગાંધી ૪૭ વર્ષની વયે કોગ્રેસ પ્રમુખ થયા છે.તેમની સામે પોતાના પરિવારની પરંપરા જાળવવાનો અને પક્ષને જાળવવાનો મોટો પડકાર છે.દેશમાં ૨૦૧૯માં આવનારી લોકસભાની ચુંટણીમાં કોગ્રેસ પક્ષને પાછો સત્તા પર લાવવાનો પડકાર તેમણે ઉપાડવાનો રહેશે.કોગ્રેસ અધ્યક્ષ પદે જવાહરલાલ નહેરુ, ઇન્દીરા ગાંધી,રાજીવ ગાંધી, અને સોનિયા ગાંધી પક્ષના પ્રમુખ રહી ચુકયા છે.હવે આ પદ પર રાહુલ ગાંધીની તાજપોશી થઇ ચુકી છે.

વિશ્વમાં સૌથી વિશાળ રીછ કોડીઆક છે. જે અલાસ્કામાં જોવા મળે છે. અને તે ૧૭૦૦ પાઉન્ડ વજન ધરાવે છે.

જિરાફનું વજન ૨૦૦૦ કી.ગ્રા. હોય છે.

જિરાફ રોજના બાર કલાક તેનો ખોરાક ખાવામાં કાઢે છે

## પ્રજાની બેન્કોમાં પડેલી ફિક્સ ડીપોઝીટને સરકાર ઉની આંચ નહી આવવા દેની ખાત્રી આપતાં કેન્દ્રીય નાણાંમંત્રી અરુણ જેટલી



કેન્દ્રીય નાણાં મંત્રી અરુણ જેટલીએ કહ્યુ હતું કે ભારત સરકાર હાલ ફિસ્કલ કોન્સોલિડેશનના માર્ગ પર ચાલી રહી છે.બીજા ત્રિમાસિક ગાળામાં આર્થિક વિકાસનું ચિત્ર પલટાયું છે.વિકાસ દર ઘટવાને બદલે વૃધ્ધિની દિશામાં ગતિ કરી રહ્યો છે.સરકાર દેશના લોકોની બેન્ક ડીપોઝીટ્સને ઊની આંચ આવવા દેશે નહીં. આમ તેમણે ફાઇનાન્સિયલ રેઝોલ્યુશન એન્ડ ડીપોઝીટ્સ ઇન્સ્યોરન્સ બિલ અંગે લોકોની શંકા દુર કરી હતી.સરકાર બેન્કોમાં પડેલા લોકોના પૈસાનું પુરેપુરુ રક્ષણ કરશે.ફિસ્કલ કોન્સોલિડેશનના નવા તબક્કામાં રાજકોષીય ખાધ ૨૦૧૫-૧૬માં જીડીપીના ૩.૯ ટકા અને ૨૦૧૬-૧૭માં ૩.૫ ટકા રહી હતી.

એફઆરડીઆઇ બિલ અંગે જેટલીએ કહયું હતું કે ડ્રાફટ નોની જોગવાઇઓ અંગે કેટલાક લોકો દ્વારા ખોટી અફવા ફેલાવાઇ રહી છે.સરકારે સરકારી બેન્કોને મજબુત કરવા માટે રુ૨.૧૧ લાખ કરોડ ફાળવ્યા છે.આમ બેન્કો કાચી પડવાની કે નાદારા થવાનો સવાલ જ નથી.જો આવી કોઇ સ્થિતિ સર્જાસે તો સરકારબેન્કોમાં રહેલા લોકોના પૈસાનું પુરેપુર રક્ષણ કરશે. હાલ આ બિલ સંસદની સમિતિની વિચારણા હેઠળ છે.તે જે સુધારા સુચવશે તેને ધ્યાનમાં લેવાશે.બિલનો હેતુ બેન્કોર,વીમા કં.નાદાર બનતી રોકવાનો છે.

## પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહની ઉપર આક્ષેપો કરનારાઓને શરમ આવવી જોઇએ: શરદ પવાર

મણીશંકર ઐયરના ઘેર યોજાયેલા ભોજન સમારંભમાં પાકના રાજદ્વારીઓ સાથે પુર્વ પીએમ મનમોહનસિંહની હાજરી સામે સવાલો ઉઠાવી તેને ભાજપ સામેનું કાવતરુ ગણાવી વડાપ્રધાન મોદીએ મનમોહનસિંહ પર ખોટા આક્ષેપો કર્યા છે.નેશનાલિસ્ટ કોગ્રેસ પાર્ટી(એનસીપી)ના વડા શરદ પવારે આવા આક્ષેપો કરવા માટે મોદીની આકરા શબ્દોમાં ટીકા કરી હતી અને કહ્યુ હતું કે મનમોહનસિંહ પર આક્ષેપો કરતાં તમને શરમ આવવી જોઇએ. ડિનરને ઇરાદાપુર્વક કાવતરુ ઘડવા માટેની બેઠક ગણાવનાર પીએમ મોદીની શરદ પવારે આકરી ટીકા કરી હતી.મોદી સરકારે ખેડુતો અને દેશના અન્ય પ્રશ્નો તો ઉકેલ્યા જ નથી. મોદીએ વડાપ્રધાન પદની ગરિમા ખરડાવી છે તેમ પવારે કહ્યુ હતું.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**





**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# કોંગ્રેસના ૬૦માં પક્ષપ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળતા રાહુલ ગાંધી

૧૩૨વર્ષ જુની કોંગ્રેસના ૬૦માં પ્રમુખપદે બિરાજતાં રાહુલ ગાંધીએ પક્ષનો કાર્યભાર સંભાળ્યો હતો.આ પહેલા પક્ષ પ્રમુખ તરીકે શ્રીમતી સોનિયા ગાંધી એટલે રાહુલના માતા આ કાર્યભાર સંભાળતા હતા.

પક્ષ પ્રમુખ તરીકે તેમના પ્રથમ પ્રવચનમાં તેમણે ભાજપ અને મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.તેમણે કહ્યુ હતું કે ભાજપના લોકો દેશમાં આજકાલ આગ લગાવવાની અને હિંસા ફેલાવવાની કોશીશ કરી રહ્યા છે.તેઓ આગ લગાવે છે અનેઅમે તેને બુઝાવવાનું કામ કરીએ છીએ.એક વખત જો આગ લાગે તો તેને ઓલવવાનું કામ ઘણું મુશ્કેલ હોય છે.અમે ભાજપના લોકોને આજ વાત સમજાવી રહ્યા છીએ.તેઓ ભલે આગ લગાવે પણ તેને રોકવાની શક્તિ આખા દેશમાં ફક્ત કોંગ્રેસ પાર્ટીમાં જ છે.રાજકારણ લોકોની સેવા માટે છે તેનો સેવાની ભાવના સાથે ઉપયોગ કરો.આજે લોકોને કચડી નાંખવાનું રાજકારણ રમાય છે.

પક્ષની ઓફીસમાં રાહુલ ગાંધીને ચુંટણી અધિકારી એમ.રામચંદ્રને કોંગ્રેસ પ્રમુખ તરીકે વિજેતા થયાનું સર્ટી. આપ્યુ હતું.કોંગ્રેસનું પ્રમુખ પદ સંભાળનાર તેઓ નહેરુ અને ગાંધી પરિવારના છઠ્ઠા સભ્ય છે.સોનિયા ગાંધી કોંગ્રેસ પક્ષ પ્રમુખનો હોદ્દો ૧૯ વર્ષ સુધી સંભાળ્યો હતો.રાહુલ ગાંધી ૨૦૧૩માં કોંગ્રેસ પાર્ટીના ઉપાધ્યક્ષ નિમાયા હતા. ત્યારેથી તેઓ પક્ષ માટે કાર્યરત છે.

રાહુલે તેમના પ્રવચનમાં જણાવ્યુ હતું કે તેઓ ગુસ્સો કરે છે, અમે પ્રેમથી તેમને જીતવાનો પ્રયાસો કરતાં રહીશું. મોદી ફરી પાછા દેશને મધ્યયુગમાં લિ ગયા છે.

અમે ભાજપની વિચારધારા સાથે સંમત ન હોવા છતાં તેમને અમારા ભાઇ બહેન ગણીએ છીએ.તેઓ લોકોનો અવાજ દબાવે છે.અમે બોલવાની આઝાદી આપીએ છીએ.તેઓ અપમાન કરે છે.અમે સન્માન કરીએ છીએ.અમે રક્ષા કરીએ છીએ. તેઓ વધુ સશક્ત હોવાથી જીતી રહ્યા છે. ભાજપ કોંગ્રેસ મુક્ત ભારતની વાત કરે છે પણ અમે ભાજપમુક્ત ભારતની વાત નહીં કરીએ. તેઓ અમારા લોકો પૈકીના જ છે અને તેમની સાથે સમંત નથી.

તેમણે કહ્યુ હતું કે ભારતના અન્ય લોકોની જેમ હું પણ આદર્શવાદી છું.૧૩ વર્ષ પહેલાં હું રાજકારણમાં જોડાયો હતો.અને દેશના લોકો પર



ભરોસો હતો.પણ હવે રાજકારણમાં દયા અને સચ્ચાઇ ખતમ થઇ રહ્યા છે.કોંગ્રેસ દેશને ૨૧મી સદીમાં લઇ ગઇ છે પણ મોદી દેશને મધ્યયુગમાં લઇ જઇ રહ્યા છે.તેઓ તોડે છે અને અમે જોડીએ છી. તેઓ આગ લગાવે છે અમે બુઝાવીએ છીએ. કોંગ્રેસ અને ભાજપમાં આજ તો અંતર છે.

રાહુલે કહ્યુ હતું કે દેશના યુવાનોને હું કહેવા માંગુ છુ કે કોંગ્રેસ એક ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટી છે.હવે અમે તેને ગ્રાન્ડ ઓલ્ડ એન્ડ યંગ પાર્ટી બનાવીશું. એક વ્યક્તિએ પરસેવો વહાવીને પાર્ટીનો જે વિકાસ કર્યો છે તેની રક્ષા કરવાની મારી ફરજ છે.અમે સૌ સાથે મળીને પ્રેમ અને ભાઇચારાનું નવું હિદુસ્તાન બનાવીશું.

# હજારો ભારતીયો અને તેમના પરિવારોને યુએસ સરકારના એચ-૧બી વિઝા ના કડક નિયમોની માઠી અસર થશે

ટ્રમ્પ સરકાર નવા નિયમો શરુ કરી રહી છે. તેમાં એચ-૧બી વિઝાના નિયમો વધુ કડક બનાવવામાં આવી રહ્યા છે.નવા નિયમો મુજબ એચ-૧બી વિઝા ધારકો ના પતિ કે પત્નિ તરીકે રહેનાર ડિપેન્ડન્ટ માટે ત્યાં નોકરી કરવી મુશ્કેલ બનશે.અમેરિકાની ટ્રમ્પ સરકાર દ્વારા એચ-૧ બી વિઝા ધારકોના પતિ કે પત્ની અમેરિકામાં નોકરી કરતા હોય તો આવા જીવનસાથી એટલે કે તેના ડિપેન્ડન્ટ દ્વારા નોકરી પર પ્રતિબંધ મુકવા વિચારાઇ રહ્યુ છે.આમ એચ -૧બી વિઝાધારકના જીવનસાથીને વર્ક ઓથોરાઇઝેશન એટલે બીજા શબ્દોમાં કહીએ તો વર્ક પરમિટ આપવામાં આવશે નહી.અમેરિકાની સરકારના આ નિર્ણયની અમેરિકામાં એચ-૧બી વિઝા પર જોબ કરતાં હજારો ભારતીયો્ને તેમના પરિવારો પર માઠી અસર થશે.

યુએસ પ્રમુખની બાય અમેરિકન એન્ડ હાયર અમેરિકન નીતિ હેઠળ આ નિર્ણય લેવામાં આવશે.પોતાના સ્પાઉસને નોકરી મેળવવાનું મુશ્કેલ બનતાં હજારો હાઇ સ્કિલ્ડ ઇમીગ્રન્ટસ માટે અમેરિકામાં રહેવું મુશ્કેલ બનશે તેવો નિષ્ણાતોનો મત છે.સરકારના આ નિર્ણયથી ત્યાં ભારે મહેનત કરતાં અને વ્યક્તિગત રીતે પોતનો વેપાર કરતાં લોકો અને યુએસ સીટીઝનશીપ ધરાવતાં બાળકોના માતાપિતા માયે યુએસમાં નોકરી મેળવવી મુશ્કેલ બનશે.ટ્રમ્પ સરકાર એચ-૧બી વિઝા હેઠળ ક્યા ક્યા વ્યવસાયને પાત્રતા ધરાવતા ગણવા તે નક્કી કરીને તેની નવી વ્યાખ્યા ઘડશે.



## વિનંતી

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

# કોંગ્રેસ પ્રમુખ તરીકે વિદાય લઇ રહેલા સોનિયા ગાંધીએ વિદાય પ્રવચન આપ્યું

કોંગ્રેસ પ્રમુખ તરીકે શ્રીમતી સોનિયા ગાંધીએ વિદાય લેતા નવા પ્રમુખ રાહુલ ગાંધીને આવકારતાં પ્રવચન આપ્યું હતું. તેમાં તેમણે કહ્યુ હતું કે મારો પુત્ર ઘણા વ્યક્તિગત હુમલાનો સામનો કરીને નીડર બન્યો છે.તેમણે રાહુલ ગાંધીના વખાણ કર્યા હતા. અને સાથે સાથે ભાજપ અને કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યુ હતું કે હાલમાં બંધારણીય મુલ્યો પર હુમલા થઇ રહ્યા છે પણ આપણે પીછેહઠ નહી કરીએ.દેશ અણધાર્યા પડકારોનો સામનો કરી રહ્યું છે પણ અમે ડરીશું નહીં.સોનિયા ગાંધીએ કહ્યુ હતું કે આજે આપણી સામે એક નવા યુગનો પ્રારંભ થઇ રહ્યો છે.હું એક માતા તરીકે રાહુલના વખાણ કરવા માંગતી નથી પમ છેલ્લા કેટલાક વર્ષોમાં તેણે વ્યક્તિગત રીતે ઘણા આક્ષેપોનો સામનો કર્યો છે.આને કારણે તેઓ નીડર અને સાહસિક બન્યા છે.મને આશા છે કે તેઓ નવા નેતૃત્વ સાથે પાર્ટીમાં નવો જુસ્સો અને જોશનો સંચાર કરશે.પાર્ટીનું નેતૃત્વ તેઓ ધીરજ અને જવાબદારીથી સંભાળશે તેવો મને વિશ્વાસ છે.

હું જે પરિવારમાં લગ્ન કરીને આવી હતી તે ક્રાંતિકારી પરિવાર હતો.આ પરિવારનો એક એક સભ્ય જેલમાં જવાની ક્ષમતા ધરાવતો હતો. તેમના માટે દેશ એ જ જીવન હતું.ઇન્દીરાજીથી મને ઘણું શીખવા મળ્યું. તેમના નિધન વખતે મને માતા ગુમાવી હોવાનો અહેસાસ થયો હતો. સોનિયાએ કહ્યુ કે ૨૦ વર્ષ પહેલાં આપ સૌએ મને પ્રમુખપદે ચુંટી ત્યારે હું ગભરાઇ ગઇ હતી. સંગઠનને કેવી રીતે સંભાળી શકીશ તેની મુઝવણ હતી.મારી સામે અનેક કપરાં કાર્યો



હતો. રાજકારણનો મને લાંબો અનુંભવ પણ ન હતો.

હું મારા બાળકોને રાજકારણથી દુર રાખવા માંગતી હતી. ઇન્દીરાજી પછી મારા પતિ રાજીવજી જવાબદારી સંભાળી અને પીએમ બનીને દેશની સમસ્યાઓ જાણી. ઇન્દીરાજીની હત્યાના ૭ વર્ષ પછી મારા પતિની પણ હત્યા કરવામાં આવી. દેશ પ્રત્યેનું મારુ કર્તવ્ય સમજીને હું રાજકારણમાં આવી.તે વખતે ફક્ત ત્રણ રાજ્યોમાં કોંગ્રેસની સરકાર હતી.કેન્દ્રમાં સત્તા તો ઘણી દુરની વાત હતી.તમારા સૌના સહયોગથી બેમિસાલ કામયાબી મેળવી કેન્દ્રમાં સત્તા મેળવી.

સોનિયાએ કહ્યુ હતું કે કોંગ્રેસના હજારો કાર્યકરો મારી આ સફરના સાથી રહ્યા છે.૨૦૦૪ થી ૨૦૧૪ સુધી અન્ય પક્ષોનો ટેકો મેળવીને દેશને એક પ્રગતિશીલ સરકાર આપી હતી.કરોડો લોકોના લાભ માટે આપણે કેટલાક કાયદા પણ બનાવ્યા. ૨૦૧૪ પછી દેશ સામે અનેક પડકારો છે. આપણે કેટલીક ચુંટણીઓ હાર્યા છીએ.દેશના બંધારણીય મુલ્યો પર હુમલા થઇ રહ્યા છે.પણ આપણે તેનો પ્રતિકાર કરીશું.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

*ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ*

સંપર્કઃ
**એ. એમ. મેકવાન**
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.